૧૭૧ ૬૪

<u>પસંદગી યાદી બનાવવાના સિદ્ધાંતો</u>
ખાતાકીય બઢતી સમિતિ માટેની માર્ગદર્શિકા

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૯/૨૯૭૮૬૬/ગ-૨

સચિવાલય, ગાંધીનગર

તારીખ:-૧૯/૦૯/૨૦૧૯

<u>વંચાણે લીધા</u>:-

(૧) સા.વ.વિ.નું તા.૨૩/૮/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:ગસ/૨૪/૨૦૧૯/સીઆરઆર/૧૧૨૦૧૯/ ૪૪૩૪૨૧/ગ-૫

(૨) સા.વ.વિ.નો તા.૨૩/૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:એસએલટી/૧૦૨૦૧૯/૨૯૭૮૬૬/ગ-૨

(૩) સા.વ.વિ.ના તા.૪/૩/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક

(૪) સા.વ.વિ.ના તા.૩૧/૩/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: ખહલ-૧૦૨૦૧૮-૮૦૭૯૨-ક

## આમુખ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) સામેના તા.૨૩/૦૮/૨૦૧૯ના ઠરાવથી વર્ગ-૩ થી વર્ગ-૧ની જગ્યાઓ ઉપર બઢતી આપવા સારૂ કઈ કઈ બાબતો વિચારણામાં લેવી તે અંગેના માપદંડો નિયત કરવામાં આવ્યા છે. વંચાણે લીધેલ ક્રમાંક-(૩) સામેના તા.૪/૩/૨૦૧૪ના ઠરાવથી ખાનગી અહેવાલને બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ(PAR) દાખલ કરવામાં આવેલ છે અને તે અંગે સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક-૪ સામેના તા.૩૧/૩/૨૦૧૮ના ઠરાવથી આ સૂચનાઓ આંશિક ફેરફાર સાથે નવેસરથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લઈ વર્ગ-૩થી વર્ગ-૧ સુધીની તમામ જગ્યાઓ પર બઢતી આપવા માટેની પસંદગી યાદી તૈયાર કરતી વેળાએ સંબંધિત અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલ/PARના મૂલ્યાંકન બાબતે ખાતાકીય બઢતી સમિતિએ અનુસરવાની કાર્યપધ્ધતિ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે વંચાણમાં લીધેલ ક્રમાંક(૨) સામેના તા.૨૩/૮/૨૦૧૯ના ઠરાવથી જે સૂચનાઓ આપવામાં આવી છે તેના આધારે અપાતી બઢતી માટે ખાનગી અહેવાલ/PARના મૂલ્યાંકન કરવા માટે નીચે મુજબની કાર્યપદ્ધતિ નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(ક) બઢતી માટે વિચારણામાં આવતાં અધિકારીઓ/કર્મચારીઓની બઢતી માટેની પાત્રતા ચકાસવા માટે ખાતાકીય બઢતી સમિતિને પોતાની હેતુલક્ષી મૂલ્યાંકન પદ્ધતિ નક્કી કરવાની વિવેકાધીન સત્તા રહેશે.

(ખ) ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલ/PARમાં નોંધાયેલ માત્ર એકંદર ગ્રેડીંગને ધ્યાન ના લેતાં, ખાતાકીય બઢતી સમિતિએ ખાનગી અહેવાલ/PARમાંની વિવિધ કોલમમાંની નોંધના આધારે પોતાનું મૂલ્યાંકન કરવાનું રહેશે. કારણ કે, ઘણીવાર ખાનગી અહેવાલ/PARનું સમગ્ર મૂલ્યાંકન ખાનગી અહેવાલ/PARના વિવિધ માપદંડો(Parameters) તથા અધિકારી/કર્મચારીની કામગીરીની વિશેષતાઓના (Attributes) આંતરીક મૂલ્યાંકન સાથે સુસંગત હોતું નથી.

(ગ) ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલ/P.A.R.માં માત્ર આપેલ માર્કસને જ ધ્યાને નહીં લેતા અહેવાલ લખનાર અધિકારી અને સમીક્ષક અધિકારી દ્વારા પેન-પિક્ચરમાં જે વિગતો/રિમાર્કસ આપેલ હોય તો તેને અવશ્ય ધ્યાને લેવાના રહેશે.

(ઘ) ખાતાકીય બઢતી સમિતિએ પોતાનું મૂલ્યાંકન કરતી વેળાએ તેની સમક્ષ જે અન્ય હકીકતલક્ષી રેકર્ડ રજૂ થયેલ હોય તેને પણ લક્ષમાં લેવાનું રહેશે.

(ચ) ઉપર મુજબ ખાતાકીય બઢતી સમિતિ દ્વારા જ્યારે અધિકારી/કર્મચારીનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે જો ખાતાકીય બઢતી સમિતિનું મૂલ્યાંકન અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલ/PAR કરતા ભિન્ન થતું હોય તો ખાતાકીય બઢતી સમિતિએ પોતાના મૂલ્યાંકનને સમર્થન આપતા કારણો અચૂક નોંધવાના રહેશે.

(છ) સંબંધિત અધિકારી/કર્મચારી સામે ખાતાકીય તપાસ/ફોજદારી કેસ પડતર હશે તો તેઓની ભલામણ "બંધ કવર" (Sealed Cover)માં રાખવાની વિચારણા કરવાની થશે.

(જ) ઉપરોક્ત વિગતો લક્ષમાં લઈને ખાતાકીય બઢતી સમિતિએ નિયત થયેલ બેંચમાર્કને ધ્યાને લઈને સંબંધિત અધિકારી/કર્મચારીનું બઢતી માટે મૂલ્યાંકન કરવાનું રહેશે અને મૂલ્યાંકનના અંતે અધિકારી/કર્મચારી બઢતી માટે 'યોગ્ય' (Fit) છે કે 'અયોગ્ય' (Unfit) છે તે નક્કી કરવાનું રહેશે. ખાતાકીય બઢતી સમિતિએ બઢતી માટે "યોગ્ય" ઠરાવેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓને પસંદગીયાદીમાં સમાવવાના રહેશે અને બઢતી માટે યોગ્ય ઠરાવેલ અધિકારી/કર્મચારીઓને જ તેમની નીચલા સંવર્ગની "માંહોમાહે"ની પ્રવરતા મુજબ પસંદગીયાદી માં ગોઠવવાના રહેશે.

ઉપરોક્ત વિગતો લક્ષમાં લઈને ખાતાકીય બઢતી સમિતિએ 'ઘણીસારી' ગુણકક્ષા અથવા 'સારી' ગુણકક્ષાને ધ્યાને લઈ સંબંધિત અધિકારી/કર્મચારીને 'યોગ્ય' (Fit) અથવા 'અયોગ્ય' (Unfit)

ઠરાવવાના રહેશે અને બઢતી માટે 'યોગ્ય' (Fit) ઠરેલ ઉમેદવારોના નામની ભલામણ કરી પસંદગી યાદી બનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સત્વરે સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ.
પસંદગી ફાઇલ.
*પત્ર દ્વારા.